ચાલુ યોજના

૨૦૨૦-૨૧

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક.......................
- 4 JUN 2020
૧૩૫૦૨
શાખા.......................

અનુસૂચિતજાતિ પેટા યોજના હેઠળ સ્મોલ રૂમિટન્સ અને મરઘાં વિકાસ કાર્યક્રમ માટેની સહાયકારી યોજનાની વહીવટી મંજૂરી બાબત.

ગુજરાત સરકાર,
કૃષિખેડૂત કલ્યાણ, અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃવીએચડી/૧૨/૨૦૧૯/૧૨૨૩/પી૧
સચિવાલય,ગાંધીનગર.
તા:૨૮/૦૫/૨૦૨૦

વંચાણે લીધા:

(૧) કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રઃવીએચડી/૧૨/૨૦૧૮/૧૫૩૧/પી૧, તા.૦૪/૦૪/૨૦૧૯

(૨) પશુપાલન નિયામકશ્રીના પત્રક્રમાંકઃ પીડીબી/૩/૧૦૪-૧/૫૨/૨૦,તા.૦૪/૦૩/૨૦૨૦

આમુખ:-

વંચાણે લીધા-(૧)પરના આ વિભાગના તા.૦૪/૦૪/૨૦૧૯ના ઠરાવથી સદરહું યોજનાને વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષ માટે ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ. સદરહું યોજનાની જોગવાઇ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સને ૨૦૨૦-૨૧ના અંદાજપત્ર પ્રકાશન નંબર-૨૪ ભાગ-૨ના પાના નં.SCSP-II પાના નંબર-૧૪૯ પર સૂચવેલ છે. વંચાણે લીધા-(૨)પરના પત્રથી પશુપાલન નિયામકશ્રીની કચેરીએ સદરહુ યોજનાને રૂ.૧૦૫.૮૬ લાખ(અંકે રૂપિયા એકસો પાંચ લાખ છયાસી હજાર પુરા)ની જોગવાઇ સાથે સને ૨૦૨૦-૨૧માં ચાલુ રાખવાની વહીવટી મંજૂરી મેળવવા અત્રે દરખાસ્ત રજૂ કરેલ. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

:ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિતજાતિ પેટા યોજના હેઠળ સ્મોલ રૂમિટન્સ અને મરઘાં વિકાસ કાર્યક્રમ માટેની સદરહુ સહાયકારી યોજનાને રૂ.૧૦૫.૮૬ લાખ(અંકે રૂપિયા એકસો પાંચ લાખ છયાસી હજાર પુરા)ની જોગવાઇ સાથે સને ૨૦૨૦-૨૧માં ચાલુ રાખવાની નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| અ.નં | વિગત | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | બકરા એકમ સ્થાપના માટેની સહાયની યોજના | ૩૬.૦૦ |
| ૨ | ૨૫ આર.આઇ.આર પક્ષી એકમ સ્થાપવા ની યોજના | ૪૫.૦૦ |
| ૩ | ૧૦૦ બ્રોઇલર પક્ષી સ્થાપવાની યોજના | ૧.૬૨ |
| ૪ | તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ આપવાની યોજના | ૨૦.૧૨ |
| ૫ | મરઘા પાલન તાલીમના વ્યાખ્યાતાઓને માનદ વેતન આપવાની યોજના. | ૩.૧૨ |
| | કુલ | ૧૦૫.૮૬ |

શરતો અને બોલીઓ:-

(૧) કોવિડ-૧૯ના કારણે ઉદભવેલ પરિસ્થિતિને લક્ષ્યમાં લઇ આ યોજનામાં લોકપયોગી/લાભાર્થીલક્ષી સહાય માટે અને તે અંગેના મહેકમ માટે તથા અન્ય કચેરી ખર્ચ માટેના જ ખર્ચને અગ્રતા આપવાની

રહેશે. જ્યારે સાધન સરંજામની ખરીદી કે અન્ય કોઇ નોન/રીકરીંગ ખર્ચ કે જે થોડાક સમય પૂરતો મુલતવી (Deferred) રાખી શકાય તેમ હોય તેવો ખર્ચ કમ સે કમ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના અંત સુધી એટલે કે તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી મોકુફ રાખવાનો રહેશે.આ અંગેની કાળજી નિયામકશ્રી કક્ષાએથી રાખી તે અંગેની સૂચનાઓ તાબાની કચેરીઓને ગ્રાન્ટ ફાળવણીની સાથે જ આપવાની રહેશે.

(૨) સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં થયેલ બજેટ જોગવાઇને આધિન રહીને નાણાં વિભાગ ધ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનુ ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો-વખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણ ને આધિન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૫) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે ઉધોગ અને ખાણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫- ૬૯૧૦૯૩-ચ, તા.૦૧.૧૦.૨૦૧૮ તથા પરિપત્ર ક્રમાંક:-એસપીઓ-૧૦ ૨૦૧૮ જી.ઈ.એમ.-ચ તા.૦૫.૧૨.૨૦૧૮ મુજબ કરવાની રહેશે.

(૭) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ ટેન્ડરીંગ"બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૯) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૧૦) The Right of Persons with Disabilities Act,2016 ની Section-24 અને Section-37 ની જોગવાઇઓ અનુસાર સદર યોજનામાં દિવ્યાંગો(માન્ય પ્રમાણપત્ર ધરાવતા)ને ૫%ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઇપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પૂરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરીપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

(૧૧) સદર યોજનાની જોગવાઈની ૧૫ ટકા રકમ વાલ્મીકી, હાડી, નાડીયા, સેનવા, તુરી, ગરો, વણકર,સાધુ અને અનુસુચિત જાતિના બાવા જેવી અતિ પછાત જાતિઓનાં લાભાર્થીઓ માટે ખર્ચ કરવાની રહેશે. કોઈપણ કારણસર જો અતિ પછાત જાતિના લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે અને નિયત થયેલ ૧૫ ટકા પૈકીની રકમ ન વપરાય તેવી બધી રકમ અનુસુચિત જાતિના લોકો માટે વાપરવાની ખાસ કાળજી રાખવાની રહેશે.

આ અંગેનુ ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનું રહશે અને સને ૨૦૨૦-૨૧ના બજેટમાં થયેલ જોગવાઇ રૂ.૧૦૫.૮૬ લાખ(અંકે રૂપિયા એકસો પાંચ લાખ છયાસી હજાર પુરા)ને આધીન રહી ખર્ચ કરવાનો રહેશે. અને તે સદરે માન્ય રહેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | | ૯૫ |
| સેકટર | | ગ- આર્થિક સેવાઓ |
| સબ સેકટર | | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્ય સદર | | ૨૪૦૩-પશુપાલન |

| | | |
|---|---|---|
| ગૌણ સદર | : | ૧૦૪-ઘેટાં અને ઉન વિકાસ |
| પેટા સદર | : | (૧)અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ સ્મોલ રૂમીનન્ટસ અને મરઘાં વિકાસ કાર્યક્રમ |

નાણાં વિભાગ અને વિભાગની બજેટ શાખા મારફતે ગ્રાન્ટના હુકમો કરવામાં આવે,તદઅનુસાર પશુપાલન નિયામકશ્રીએ ખર્ચ કરવાનો રહેશે. જેમાં નાણાં વિભાગની વખતો વખતની સુચનાઓને પણ ધ્યાને લઇ કરકસરપૂર્વક ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

આ હુકમો નાણા વિભાગની ફાઇલ ક્રઃબજટ-૧૦૨૦૨૦-૫૧-એ.એચ.ચા.બા.વ.મં./FA(AGRI) પર નાણાં સલાહકારશ્રી(કૃષિ)ની તા.૦૭/૦૫/૨૦૨૦ તથા સચિવશ્રી(પ.પા.)ની તા.૧૯/૦૫/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સુમિત ચૌધરી)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,,સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(કૃષિ),નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- પશુપાલન નિયામકશ્રી,પશુપાલન નિયામકની કચેરી,કૃષિભવન,ગાંધીનગર.
- ઉપમહાલેખાકારશ્રી(ES-૧),એકાઉન્ટ જનરલ, અમદાવાદ(E&RS Audit )ગુજરાત,ત્રીજો માળ,ઓડીટ ભવન,નવરંગપુરા,અમદાવાદ-૩૮૦૦૦૯
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઇ) અમદાવાદ/ રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મરઘાં વિકાસ શાખા, પશુપાલન નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ શાખા, બ.૧, પી-૨, અ અને નાણાં શાખા.
- પસંદગી ફાઇલ
- સેકશન અધિકારીશ્રી (આઈ.ટી. સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ (ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ)